નરસિંહ મેહેતાનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

છોટાલાલ છગનલાલ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં
ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૪ થી. પ્રત ૨૦૦૦
આ આવૃત્તિમાં સુધારો વધારો કર્યો નથી
સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કિંમત ૪ આના.

જુનાગઢનો નાગર ગૃહસ્થ.

ઇશ્વરનો પરમ ભક્ત.

નરસિંહ મહેતાનાં

ગાયનો.

મંગળાચરણ.

श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रंथ कोटीभी;
ब्रह्म सत्यंम जगत मीथ्या, जीवो ब्रह्मेव ना पर;

અર્થ——જે કરોડો ગ્રંથમાં કહ્યું છે તે અર્ધા શ્લોક વડે કહું છું કે બ્રહ્મ તેજ સાચી વસ્તુ છે અને જગત (એટલે) પ્રકૃતિ એટલે માયાનું કાર્ય તે મીથ્યા છે.

ઈશ્વર સ્તુતી.

પ્રેમે પ્રભુજી નમુ કર્તા હર્તા પ્રાણી સર્વના-પ્રેમે.
તારણ તરણ સુખનો કરણ, સુંદર વરણ શામ-પ્રેમે
પાર તમારો કોઇના પામ્યો શરણે આવ્યો દુઃખ વિરામ્યો;
પ્રેમે નામ્યો શીવસુખ પામ્યો, શરણે આવ્યો દુખ વિરામ્યો
નરસઇયો તુમ ભક્ત મોરારી, સત્યતાર તુમથી કીરતારી
ગુણ હું ગાઉં પાવન થાઉં, સાહ્ય કરો પ્રભુ વિનતી મારી.

છપ્પો.

હોય કર્કશા નાર, સંપ કોથી નવ રાખે;
હોય કર્કશા નાર, સદા જુઠું મુખ ભાખે;
હોય કર્કશા નાર, પતીને સુખ નવ આપે;

કરી ખોટો કંકાશ, સદા પોતાનુ થાપે;
કાચ્ચાકાન હોય પતીતણા, તોતે ઉધુ ભેરવે
જેઠા કહે સુસંપને, પળમાં કુસંપ ફેરવે.

સ્તુતિ.

(વારે ધા વીઠલા વ્હેલા) એ રાહ

સાહાય કરો શ્રીકીરતારી, નથી ઠામ દુખ એ ભારીરે
સ્તુતી ઉચરીએ તારી. શાય.
ભાઈભોજાઈએ ઘરમાંથી કાઢયો, કીધો ધર્મશાળેવાસ
ભલુ થજોનેનુભજનથશે હવે, પોહોચશે મનની આશ
છુટી જંજાળ સંસારી. નથી.
મંદીર માગુ વસવા માટે, આ મુરતિ પધરાવુ નાથ.
ભાવેથી તુજગુણ નીત્ય ગાઉ, સંત વેરાગીની સાથ;
માયા સઉ લાગે અકારી. નાથ.
સ્તુતી સુણી પ્રલ્હાદની વશીયા સ્થંભે જઈને નાથ
ચીર પુરી પંચાળીનાં થકાવ્યો, સર્વે કૌરવોનો સાથ;
તેમ વ્હાર કરો આવારીઃ નથી.

નરસીંહ મહેતાની સ્તુતી સાંભળી ભગવાને અક્રૂર અક્રૂર કહી સામટા સાત સાદ કર્યા.

ગાયન.

(દીસે હાલ થયા શા હાલ હે કૃપાનીધાન)એ રાહ

કહાવો ભકતવત્સલ ભગવંત સત્ય દીનદયાળ.
કરે સત્ય ભકિત ધરી વ્હાલ રાખો પત્ય તેની કૃપાળ
કરણી તમારી શકે ન વરણી ચો મુખે બ્રહ્માય;
વર્ણવતાં કદી પાર ન પામે શીવ શનકાદીક રાય—પ્ર.
સત્ય નીરંજન નામજ તારૂ અવર નહી કાંઇ સાર,
તુહી સત્ય, તુજ પત્ય, કરણ ભવ નીસ્તાર —પ્રભુ

અક્રૂર—(જુનાગઢ આવી નરસીંહરામને ભજનમાં ગુલ
તાન જોઇ, ધન્ય છે નરસિહરામ તમારી ભકિતને)
જય શ્રીકૃષ્ણ ભકત નરસીહરામ.

નરસીરામ— સ્તુતી

(પ્રેમનો કોલ દીયો રાજકુમાર) એ રાહ

વેગે આવો વીઠલ દીનદયાળ, નાંખી મને સંસા-
રી જાળ બેઠા કેમ નીશ્ચીત મને કૃપાળ— વેગે.
કરો કરીઆવર કુંવર તમારી પુરો સ્ત્રીનો લ્હાવ;
તમે જાણો તમ પુત્રી જાણો, મને સઘળો અભાવ—વેગે
સ્વસુર પક્ષનું આણુ આવ્યું, ચેતવવા મુજ કામ;
લાજ આબરૂ તમને સોંપી, હુ તો રટુ તુજનામ વેગે

કુવરબાઈ— ગાયન.

(જઇને જોઇ જેવા પતી ગમે નહી) એ રાહ

અમુલ્ય કરીઆવર માજી છે આ સહી, મોટા મોટીના
છોરૂ પણ તે પામે નહીઃ
હીરને ચીર સઉ પ્રભુની માયા વસ્ત્ર પવિત્રથી દીપવી
આકાયા, શેવુ શામળીયાની મુરતી પ્રસન્ન થઇ-મો
મોહમાયામાં નાંખે હેમ હીરા હારો સપડાતાં તેમાં
જીવનો ચોથો નહીં આરો— શેવુ
કંકણકષ્ણતામાં ધરીયા છે હાથે, ચીરચત્રભુજ નામ
ધરીયુ છે માથે—શેવું,
હાર હરીનામ ઉરૂ મહી શોભે જો, જેથી પ્રભુભજનમાં
મન લોભે જો—શેવું.

પ્રભુ દાકરીનો સંતાપ તથા મત્યે પવિત્ર પ્રિતી જોઇ
નરસીંહરામ ખુશી થયા, અને આણે આવેલા બ્રાહ્મણ
સાથે કુંવરબાઇને વિદાય કરી.

વાસુકીરાય— (મારી સ્વભુમીકા તુજને) એ રાહ

દક્ષીત ચાલો મમઘર માહાલો જાણી તમારૂ ધામ
ધામ, ધામ, ધામ, ધામ,
ચાલોપધારો મમઘેર પ્રીતે, સુખી થશો મહારાજ
પુત્રછે મારો આનંદકારી, સુધરશે તમકાજ;
માટે પધારી, કરો આભારી મમઘર આજે;
માગુછું કરી પ્રણામ (૫) દીક્ષીત

સારંગધર—

ત્રણસો કુંવર છે કુંવારા, નાગરી માંય;
વારા ફરતી સર્વ જોશું, બોલાવી સઉ ત્યાંય;
માટો પધારો સંદેહ નિવારો, દીક્ષીત કહુછું;
વીચારી કરશું કામ (૫)

બનાવટી કાગળ.

પત્ર પુરણ પ્રેમે જોજોરે વાંચી વીચારી,
છે માંદી મરણન ખાટેરે માતુ તમારી;
ત્રણત્રણ મહીના થયા તમોને, બેઠા કરો શું ત્યાંહી
જલદાઆવોમાતુમમાંદી મરણ ખાટલે આંહીરે૫
વેવિશાળ ના કીધું હોય તો પાછા ફરજો સાર;
મ્હો જોવાને તુમ માતાનું, તેડાવ્યા નીરધારરે. ૫

કીરતન.

(હવે મને હરી નામથી લેહ.)

પ્રભુ તારા નામની લેહ એક લાગી
બેઠા સંસાર વેહેવાર ત્યાગીરે—પ્રભુ.
સગાંસબંધીની માયા નકામી છે, સ્વાર્થતણી સર્વમાયા
હંસોગયા પછીઘડીનસંઘરે મળમુત્રે ભરેલી આ કાયારે.
ધનઅનેધામસઉપડીરહેવાનાંઅંતે ન આવે સાથે કાંઇ

પુત્રપૌત્રાદીકમોહોનીમીઠાશો, પડી રહેવાની તેઆંહીરે
મોહમમતમાં પ્રાણી અમથા ફસાએ, ખાલીકરેમારૂમારૂ
માયાજાળએતોનર્કનો રસ્તો, શીવપદ દાતાનામતારૂરે.

ગાયન.

દી૦—ધન્ય ધન્ય નરસીંહરામ, વશ કીધા સુંદરશામ
જેને માયાનું નહી કામ, નમુ હરષ ધરી,
ન૦—કહો પધાર્યા શું કામ, સુખે રહો આણે ઠામ;
જપો નારાયણ નામ, કરી માયા પરી.
દી૦—હું આવ્યો વિવ્હા માટ, જોયો નાગરોનોવાટ
પણ નહી આવો ડાઠ, જોયું ફરી ફરી
ન૦—શું જોયો મારો ડાઠ, છે અખાડાનો ઘાટ;
ધારી મોક્ષ તણી વાટ, પ્રીતે ભજીએ હરી.
દી૦—આવું જોઇમનમોહ્યું, પ્રભુદર્શનમાં ચીત પ્રોયું;
ભવભવનું દુખડું ખોયુ, પ્રભુ દર્શન કરી.

દાક્ષીત-- મરાઠી સાખી.

વૈકુંઠપુરી સમ આ મંદીર, પ્રભુ બીરાજ્યા પ્રીતે,
હરીભકત તમો હરી રૂપ છો, નામ હરી એક ચીતે;
તેનીખુશી થઇ, વેવૈશાળ હું કરૂ અહી–તે

———

મદન મહેતાની જુદી તનયા, નોતમ સાધુ તનથી;
વિવ્હા કરવો નિશ્ચય ધારયો ફરે નહી કદી મનથી,
વેહેંચો ગોળ ધાણા, લ્યો આપું શ્રીફળ નાણા–વ
ન૦–કોઇ પૈસાવાળો જુવો પૈસાવાળો,
દી૦–(દુઃખની વીજળીએ કુમળી) એ રાહ
સત્ય ભગવત જાણ્યા સહી, પ્રભુ પ્યારા;
રહોછો જગત સકળથી ન્યારા, કર્યા વશ ભગવાન

નટખટ નાગર ન્યાત સર્વે જોઇ,
નહી પેખ્યા તમસમ કોઇ,
પરમ વૈષ્ણવ જન; સત્ય
ઇરષા કપટને લોભ કદી નહી પીડે,
આશા તુશ્ણા અળગી હીંડે
દંભ દાખે ન દુખ, સત્ય
તનમન ધન અરપણ કર્યું પ્રભુ ચરણે
સુરવર મુનીવર ગુણ વરણે,
શંભુ કરે વખાણ; સત્ય
કાળ તણી નહી બીક કદીએ નડતી,
દેખું જુઠીબાઇની ચઢતી,
મળ્યા તમ ઠામ. સત્ય

છપ્પો.

સોનું રૂપું તેહ, નહી લક્ષ્મી કેહેવાયે,
માટીની પેદાશ, છેવટે માટી થાયે
ચળીત તેની જાક તેની જાત, નહી તે ઠામે ઠરતી;
વેશ્યા સ્ત્રીની પેટ, નીત્ય ઘેરોઘર ફરતી;
અવિચળ ભકતી પ્રભુ તણી, સાચી લક્ષ્મી જાણવી
જેઠા કહે ભવબંધ ત્રોડી શીવસુખ પદવી માણવી

ગાયન.

ગ્રહા ગજબ્બ ખરે એ-રાગ.

કર્યો ગજબ ખરે (૨) દીક્ષીતે લાલચમાં ઉધુ માર્યું;
જઇ ઢેડ તણે ઘેર ભજન કરે, નાગર ન્યાતથી નહીડરે
નાચી કુદીને પેટ ભરે— કર્યો
ઘરસારાંસારાંહતા ઘણા, મુરતીઆમાંનહોતી કાંઇમણાં

પણ વિચાર ઉંચા દીક્ષીત તણા— ક
કાળો કદરૂપો પુત્ર તેને, નવજ્ઞાતી બોલાવે એને;
નહી ખાવા એકદીનું જેને— કર્યો.

દીક્ષીત— ગાયન.

ક્ષત્રીકલંક.

જોયો કાગળને જોયો લખનાર-- પ્રપંચી પાપે પેટ ભરેરે
રાખે ભગત ઉપર પુરો ખાર ખાર-કરીને બળી મરેરે
જોઇ નાગરની આખી મેં તો ન્યાત--પ્રપંચી.
ધન્ય ધન્ય નરસઇની જાત--ખારે
જુઠું લખ્યું જુઠા સહીઓના કરનાર-પ્રપંચી
જેને ઘેર કાળા કુરૂપ કુમાર--ખારે
જોયા ત્રણસે મુરતીઆ ધારી મન--પ્રપંચી
પણ દેવરૂપ નરસઇયાનો તન--ખારે
ધન્ય નરસઇયા સાચુ હરી તાન--પ્રપંચી.
જેણે વશ કીધા ભગવાન--ખારે
મળ્યો સબંધનો અતી ઉત્તમ લાગ-પ્રપંચી.
હું તો જાણું છું મેહેતાજી તુમ ભાગ્ય--ખારે

મરાઠી સાખી.

ઈર્શાવંત થઇ નટખટ નાગર, કાગળ આ મોકલાવ્યો;
મુરખ વરને દઇ જુઠીબાઇ, મોહોટપ લેતાં ન ફાવ્યો;
શું બોલો તમે, ખોટું તે કેમ કરીએ અમે
મ-- રાગ ઉપરનો
નાત્ય બહાર છે એ નરસઇઓ, તેને કન્યા કેમ દઇએ;
કન્યા દેતાં તેના કુવરને, ન્યાત બહાર અમે રહીએ.
દેવી કન્યા શાપેર, ઓછવ કરે જઇ ઢેડને ઘેર.

દી-　　　　　રાગઉપરનો.

કાગળ ઉપર સહીઓ જુવો, તેસહુને હું જાણું;
ધન્ય ધન્ય છે ભક્ત નરસઈઓ, શું હું મુખે વખાણું;
વર ત્રણસો સહી, પણ શામળશા તુલ્ય એકે નહિ.

ગાયન

(ઓ કુટિલ અંત્ર કામી) એ રાહ.

સુખો સત્ય કહું સ્વામી કાંઇ વિચાર ઉંર ધરો;
ગ્રહી જગત તણી સહુ રિત, જરી વહેવારમાં પળો;
હું નારી વધારે શું કહું, ખોઇ હાથે કરી સૌ લાજ;
માટે વિચારી સ્વામી મારા, માનો નારીનુ આજ સુણો

મા--　　　　　મરાઠી સાખી

ઢીંચણ સુધી શેવરા બાંધો, ઘાલી માળાના થોક;
ટીલાં ટપકાં વેશ વિચિત્ર, થાયે વિંહા ફોક;
જો આવું જાણે આવી લગનીઓ આ ટાણે,

મરાઠી સાખી.

જગત રીતની પરવા ન જરીએ, લાજ મુકી હરી હાથે
લાજ આબરૂ પ્રભુની માયા, આવે નહી કઇ સાથે.
દાસ ચિતે ધરૂં, સંસાર માયાથી અળગો કરૂં.

લ--　　　　　મરાઠી સાખી.

કૃષ્ણ દામોદરનું કયાં મંદીર; કયાં જે નરસઇયો ભકત
પ્રભુ ઉપર જેને પુરણ પ્રીતી, જાણે બધું જગત;
લાગ્યો લગ્ન સહી, મદન મહેતાના થયાં વેવાઈ.

ગાયન.

(મોહોઇ અમે શું કરીએ) એ રાહ.

ત્રીકમ કરો તેહવડ તમે, હે વીઠલા વીરા--વીક્રમ.

લજ્યા લુંટાય તારી, જાણુ કરૂં આ વારી;
હું તો ન રાખુ લેવા દેવારે--ત્રીકમ.
વીવ્હા કર્યો શા માટે કરવું તુ આવું ત્યારે;
ખોટ આવી શુ તારે ધામરે-- ત્રીકમ
લગનીઓ ખાલી જશે, વહેવાઇ ઘેર હાંશી થશે;
તારી સત્ય આતમરામરે--ત્રીકમ
પુત્ર પરણાવવો હોય તો, પરણાજે આપે.
અવર ન માથે વિણ તુજ નામરે--ત્રીકમ.

મરાઠી સાખી.

રત્ન લઇને કાટે નાંખ્યું, તોલ જોઇ મન હરખ્યું;
મહેતાને કહે સર્વે મળીને, અમે બરાબર પરખ્યું;
અત ઉત્તમ સાર, કીંમત તેની ચઉદ હજાર અતી;

ગાયન.

(ખટક રહી આ મૃગનયનીને) એ રાહ.
ન કહે ના કહે નથી રાખવો, વીવ્હા મારે ઘેરતેને;
બમણુ જોઇએ મારે, પુરૂ કહે પડાય શેને;
આ પ્રમાણેલાવે અહીંયાં, જાનમાંહી અગણી તસાજન
ચરનેગા મતજાવે એતો, તેના આગળ હું નીરધન.
દળ સાજન જોઇજવું પડે વન, નાશી મારે એશ્રીમંત,
ભાળીને વીવ્હા ના કહાવો કામ કરો આ રાખી ખંત
કન્યાદાન દઉ તો થાયે, મોઘા લુગડાં ન ફેર જરાય;
જલદી ના કહાવા તેમને, મુજ પામરથી નપુરૂ પડાય,

ગીતી.

પ્રભુ ભકત છે એતો, વિભુ આવશે જાનજોડી કોડે,
કન્યાદાન તમે આપો, દર્શન દઇ પ્રભુજન્મમરણ તોડે

ગાયન.

(જઇ ગુમાવી આવ્યા લાજ) એ રાહ

કેમ મેહેતા તમારી બુદ્ધી ફરી,
કાંઇ વિચાર રાખો મનથી જરી;
તમે નાગરની ન્યાત બધીમાં,
આવું સગપણ મળે ન ફરી—કેમ
ભગવાન પોતે છે વશ જેના,
કયાંથી આવે પગલા તેનાં;
પગલાથી પાપ પલર રહે ના,
સાથે આવે ભગવંત એના—કેમ
ઘરમાં નહિ તેને ખાવા જરી,
પણ ઘડી વિસરતા નથી હરી;
સમજો કે સવળી દશા ફરી;
ભવ ભ્રાંતી જશે સઘળી ટળી;
અણચિંત્યા તેતો ગયા મળી,
સૌ નાગર જોઇ ગયા બળી—કેમ

ગાયન.

સા૦— (કંથ વિણ હાય હું છું) એ રાહ.

સ્વાંગજોઇ ઉરઅતી ગભરાય,
ચિંતાગ્માં કાંઇ કાંઈ થાય સ્વાં.
મોર પીછનો મુગટ પેહેર્યો,
બની બેઠો ભગવંત,
મોતીમાળા ઉંર મહી ધારી,
જુઓ આ સાચો સંત સ્વાંગ.
રાજા પાસે જઇને હમણાં,

જણાવું તેનું જુઠ;
રથને સ્વારો લાવ્યો સાથે,
મારીને કયાંઈ લુટ—સ્વાંગ.
ભોળાજનને નાંખી ભભુતી,
પહેરી લાવ્યો પોશાક;
ટીલાં ટપકાં કર્યાં અતીશે,
જોઇ ઉડે ઉર આગ—સ્વાંગ.

ગાયન.

ન—— (જોજો કૌતક જગનું) એ રાહ.

સુણો ભકતજી પ્યારા- ભકત-જગથી ન્યારા-સુણો
માયાનું કામ,કયાંથીસત્યનું નામ, સત્પપ્રભુનેત્રામ-સુ.
ભકત જુઠો જણાય. અછે પાખંડી જણાય.
એવી માયા મહીમાય——સુણો.
પવિત્ર પંચમી દીન, ચિત્ર નાગને પુજાય;
સાચાને સાણસે પકડી વગડામાં મુકવા જાય;
એવાં છે એવાં છે, પ્રભુની માયાનાં કામ
પવિત્ર પુષ્પ તેતો, જોરથી ઝલાય;
કૌવચથી રહે પાછો, હાથ નહી ઘલાય.
એવી પ્રબળ માયા, વરણવી ન કહી જાય. સુણો.

સ્તુતી.

(સુંદર શામળીઆ) એ રાહ

ગોવરધન ધારી વેગે વેહેલા આવો.
અર્જ ઉરે ધારી શુદ્ધી બચનની લાવો—ગોવરધન,
વાટ જોઉછું તારી હરજી, વેહેલાઆવો સુણીઆઅરજી
જો નાવે તો તારી મરજી, વચન આપી શીદને ફરજી,
આવો તો ઝટ આવો—ગોવરધન.

જાદવસ્વામી જાગો તને
અગણીત ખોડે ભરીઆ અમેનો;
યાદ ન લાવો પ્રભુ આ સમેતો,
વહેલા આવો તમને ગમે તો;
છે તમપર સાચો દાવો—ગોવરધન

મરાઠી સાખી.

તાલ લઈ ખખડાવી મેહેતે, મુખે બોલાવ્યા હરજી;
વાર કરો છો શાને વિઠલ, પોકાર ઉરમાં ધરજી,
ખોટી થવાનો, પણ તુમ વિણ નહિ જાવાનો;

દેવાંગના— ગાણું.

મારા પાંચસો ઘોડાને હજાર હાથીઆ,
મારી બ્હેલોનો સંગ ન માયરે જગલીલડી
મારૂં સાજન દેખીને વેવાઇ બ્હી ગયો,
હવે કેમ કરી રેહેશે લાજરે જગલીલડી.

ગાયન.

મ— (સખીસુઝે ન કાંઇરે) એ—રાહ
સુણો મોટા ભાઇરે.
તુમ ગ્રહસ્થાઇ તમને ગંધાય કામ ના આવે કાંય—સુણો
જાણશો નહી લાચાર પ્રભુ સહાયકાર છે થનાર,
શ્રાદ્ધ સારીશ તાત પીંડ મુકાવીશ પતી હાથ—સુણો
છત છાકે અપમાન રાખો કરતાં કાંઈ ભાન તમે;
તરણા સરખો તોલ થાશે મારા બોલતાં—સુણો

માણેકબાઇ— મરાઠીસાખી.

માન વકરનું અમૃત ભોજન તે સૌ તુચ્છજ જાણો;
માન સહીતનો સુકો ભાખર, અમ્રત સમ પરમાણો.
નહી જાવાની ઘેર શ્રાદ્ધ સરાવાની.

મરાઠી સાખી.

પરભવ દીધું આ ભવ પામે, એજ પ્રભુનો ધારો
અમુલ્ય ભકિત આપી મુજને, સફળ કર્યો જનમારો,
દીધું અવીચળ સુખ જે નવ, વર્ણવી શકું મુજમુખ

મરાઠી સાખી.

મે૦—ઘેર શ્રાદ્ધ છે તાતજ કેરૂ, નીકળીઓ ઘીઇ માટે,
કુ૦—ઘીઇ તણિ શી ખોટ બળી છે મેહેતા તજો ઉચારે
બે ભજન કહો, ભરી તપેલી ઘત લઇ લ્યો

ગાયન.

(સખી સુઝે ન કાંઇરે) એ રાહ.

પ્રભુ કરૂ શું હવેરે
નથી નથી રેહેવી લજ્જા આજ, ગરીબ નીવાજ- પ્રભુ
કર્યો કાંઇ વિચાર, કર્યો જેષ્ટ સામા ઉચ્ચાર;
કરીને બેઠી શ્રાદ્ધ, લાવશો નહી કાંઇ બાધ-નથી૦
સત્ય તુજ નામ, પતીં જપે અહો દીન જામ નામ;
ભકતને તુમ હામ, કાઢો આટલુ કામ નથી૦
ઉગારી અહલ્યા નાર, તારી મીરાં સુકુમાર સાર;
પ્રલ્હાદ સ્થંભે નાથ. વશીને ગ્રહયો હાથ
પુર્યો દ્રૌપદી ચીર, ઉતાર્યં કૌરવ નીર તમે
તેવી કરો ઉદ્ધાર સત્ય તુજ આધાર. નથી૦

મરાઠી સાખી.

ન—શ્રાદ્ધસરાવી ગયો પોતે, જાતે ત્રીલોકી નાથ;
મ—છણુકા કરેલા મહેતીએ તે, સુણીને ઘસીયા હાથ
હું પાપી ખરી, ઓળખીઆ નહી મેં શ્રીહરી.

માણેકબાઈ— સ્તુતી.

(કર કરૂણા જગનાથ) એ રાગ.

જાણ્યા નહી જગનાથ કૃપાળું; જાણ્યા નહી જગનાથ
કરો મયા દયાળુ તાત—કૃપાળુ
માયા તમારી અતીઅકારી.
જન સમુહેને ફેરાવે છે ભારી;
પુન્ય કર્મ સઉ દેજે વિદારી
રાખે નહી એક બચવાની બારી
ખાધી માયામાં લાત કૃપાળુ

હુંડી.

સ્વસ્તીશ્રી દ્વારકાપુરી શુભ નાથને પુજ્યારાધે અનેક સર્વ ઉપમા જોગ શેઠ શામળશા વાસુદેવ જોગ શ્રી જુનાગઢથી લી૦ દાસાનુંદાસ નરસઈઆના ઘણા માન્યથી જેશ્રીકૃષ્ણ વાચવા જત અત્રેથી રાખ્યા તીરથવાસી પાસેથી રૂ. ૭૦૦) એકે સાતસેહે પુરા શીકાઈ નવી છાપના. પુરા તોલાના, કોરાને કડકડતા, મુદત હુંડી પહેંચેથી તરતના, ઠામ ઠેકાણું જોઇ ચોકસ કરી ગણી આપજો તેની નીશાની એ જે કાગળ મધે લખું છું નીશાનીમાં લાજ આબરૂ તમને છે, મીતી મળીએ ત્યારે, વાર વિચીત્ર.

લી૦ દાસાનુદાસ નરસિંહ.

સ્તુતિ.

(દર્શન આપજોરે) એ રાહ.

હુંડી શીકારજોરે, વહાલા શેઠ બનીને હરજી;
લજ્જા રાખજોરે, સુણી પામરની આ અરજી;

આપે સરાવી મુજ તાતનું કીધું મોટું કામ.
મારા રૂપે આપ પધાર્યા, કાઢયું મોટું નામ. હુંડી
શામળશા પરણાવ્યો પોતે, રાખી નહીં કંઇ નુન્ય;
એવી રીતે હુંડીશીકારો, કરૂં તુજ નામની ધુન—હુંડી
સત્ય વચન દીધું શામળીયા, કરવા શેવકનું કામ;
વચને પળીને હુંડી શીકારો, મોટી છે તુજ હામ—હુંડી.

કાગળ

(એ........ માથે મટુકી એ રાહ.
એ........વેગે હું તૈયાર થાઉં તુમ હુકમને જલદી બજા
ઉ—એ૦
કામ કાજ હોયે સુખે કેહજો, જે જોઇએ તે માગી લેજો;
જાણો દાસ હું અતિ હરખાઉં— એ૦

સ્તુતિ.

(અશરણ શરણ સ્વામી) એ રાહ.
સત્ય શરણાં તારૂં! દીનો ધારૂં જગદાધાર
મુજ દેહ સકળ વારૂં! તુજ નામ અતિ પ્યારૂં!
કારણ કરણ જગત મોઝાર— સત્ય
ભવ ભયનો આવે નિસ્તાર, ભક્તવત્સલ મુક્તિ
દાતાર—સત્ય
અચળ ભક્તિ તારી કરનાર, તેનો તું થાયે કિર
તાર—સત્ય.
અકળીત કામો તારા સાર, નમીએ તુજને વારં
વાર—સત્ય.

નરસીંહરામ કહે ચાલો સનો કુદો પડો! કુદો પડો!
ભજો રાધે કૃષ્ણ ગોવિંદા રાધે કૃષ્ણ ગોવિંદા ભજો રાધે

રાધે રાધે. (ભજનની ઝડીઓ ચાલવા માંડી.)

ગાયન.

કુ–(ગર્વથી ગાજે શું ગુમાબ) એ રાહ.

સાસુજી ન બોલો વધુ બોલ, બોલો બોલ વિચારી
મામેરૂં મંગળકારી લાવે મુજ પીતા ભારી;
સા–તાળ, શંખ, તુળશી સારી, છાબે મુકે તે વારી.
કુંવ–નહી એવું બોલતાં કરો વિચાર ધારી–સાસુ

સાસુ સાખી.

આશા ધારો ઉરમાં, નક્કી ખાશો ધાપ;
કું–ગરીબ તવંગર નવ ગણું, ગમે તેવા પણ બાપ
પહેરી ચતુરભુજ ચુડી, લક્ષ્મી છે જેની લુડી.
મોરલીધર સાચી મુડી........................
સાસુ—......................જાવાદે જાવા ભુડી
કુ–પ્રેમે કરી આવી પુરશે મન ઇચ્છા મારી—સાસુ

સાસુ— મરાઠી સાખી.

તાત તાત તારાનું ઉસ્યું રાખ, પણ તે નહિ રેહેવાનું
નવ આવ્યામાં નવ ગુણ છે. પછી નહીં રહે કેહેવાનું
માટે તેડા નહિ; એ વેરાગીને તમો અહીં.

કુંવરબાઈ— મરાઠી સાખી.

જોગી કે વેરાગી સમજો, પણ અવસર નહિ ચુકે
ભક્તજનની ભીડ ભાગવા, ભગવન આગળ ઝુકે;
માટે તેડા સહી, તે વીણ મુજને ચેન નહિ;

ગાયન.

(જાહીર આશ છે જોગી તમારી) એ રાહ
પાવન કરોને મેહેતા પધારી જગતમાં ભક્ત છો

અમૃત સમ આપ
ભગવત પર દ્રઢ નિષ્ટા ધારી. પાવન
સાધુ માંહી સાધ્ય મન, તત્વ માંહી તોડયું તન.
પવિત્ર તુમ દર્શન, જનેતા તમારી ધન્ય;
રટે નિરંતર બાળા તમારી. પાવન.
તુઠયા છે જુગદાધાર, વાંચી હરખ્યો અપાર;
દીધું છે શ્રીમંત સાર, તુમ સુતાને આવાર;
પુરો મામેરૂ મંગળકારી. પાવન.
કંકોતરી વાંચીને આવે, સગાં સ્નેહી સાથે લાવો;
પ્રભુથી તમારે દાવો, મળશે ન ફરી આવો;
અવસર તમને જુવો વિચારી પાવન.

મરાઠી સાખી.

ત્રેડ કરીને મામેરાના આગળ ડગલુ ભરજો;
તેમ બને નહી તુમ થકી તો, સ્નાન પુત્રીનું કરજો;
મહેણાં ખમાય નહી, પ્રાણ તજુ એક પલક માંહી;
ભવનું મેહેણુ ભાગો લાવો સારૂ મામેરૂ સાથે;
સ્વસુર પક્ષ સઘળો સંતોષો, ત્રીકમ છે તુમ હાથે;
વેગે આવો અહીં વિલંબ જરિએ કરતા નહીં.

નણંદ— મરાઠી સાખી.

ધીરેથી પરવારો ભાભી, ઉતાવળાં નહી થાશો;
ઢંગ જોઇ એ વેરાગીના, પુરણ મન પસ્તાશો;
જાવું રહેવા દીયો, આવ્યો તેવો જાવા દીયો.
મારો પીતા એવો હોય ત્યાંથી, નાહક લાજી મરએ;
તેનાં કરતાં ન હોય સારૂ, સુખે ન આપાં ફરીએ;
નહીં ઢંગ કાંઇ, દીસે મામેરાના તહીં.
કુંવર—સારો નરતો પિતાએ મારો હવે નહી બદલાએ

સારો શોધી નરતો બદલાવો, તમ થકી તે થાયે,
ડાહાપણુ તુમ જાણ્યું, પોન તમારૂ પ્રમાણ્યું;

મેહેતા— મરાઠી સાખી.

ધીરી ધીરી દીકરી મારી, ઉંધા વિચાર ન લાવો;
શું શું જોઇયે પુછી સાસુને, હાલ લખાવી આવો.
પ્રભુ પુરે સહી માનેરૂ, તે તારૂ અહી;
દરશન કરાને જાઓ દીકરી, તોડ નથી આપણુને,
વીવ્હા વખતે વચનજ આપ્યું, તોડ છે તેનો તેને;
જાઓ સુખેથી નામ વિસરશો ન મુખેથી.

નણંદ— મરાઠી સાખી.

બુદ્ધ થઇ મત્તી બગડી તમારી, વીચાર ઉરમાં લાવો
એ વેરાગીથી નહી બનશે, લખ્યો કરીયાવર આવે;
ખાવા નહિ દાણા, લખાવો મોટા બે પાહાણા.

કુંવર— મરાઠી સાખી.

ડાશીયેતો ડાટજ વાળ્યો પળ્યાં વરસ પ્રાણીમાં
મીઠીને વળી મનની મેલી, ગણાય ભકતાણીમાં;
ઓલી મીઠુ આજ લેવા ધારી તમારી લાજ;

મેહેતા— રાગ ઉપરનો

શાંત થા શાંત થા, દિકરિ મારી, ભરૂસે સર્સે અર્થ;
એથી શે નહી ઝાઝુ લખાવ્યુ, શામળીયો દેવા સમર્થ
નહી ટાળે ટાણું બેહેન તું વાહાવા દે વાણું.

મેહેતા— સ્તુતી.

(સુજ ના પડે પીયું પ્યારા) એ રાહ.

કરૂ વિનંતી હો પ્રભુ પ્યારા મુશળધારા
કરે ઠઠ્ઠા નાગર તારા, કેમ સુણાય કરણે મારા;

કરૂ વિનંતિ તુજને પ્રભુ હું, સુણી બેશી રહયો છું કેમજુ
સત્ય ભકતવત્સલ કાહાવું છુ—હાંહાં;
જો મુશળધાર નહી વરશે, સૌ નાગર થેકડી કરશે;
તારે લાજી મરવું પડશે કરૂં.

સ્તુતી.

ન (જપતી પ્રિતમની જપમાળ) એ રાહ
જલદી આવોને જગનાથ તમે પરવારી વેહેલા;
વાર ન કરો પ્રભુ બની મન મેલા,
લઇને છાબ આવો ઝટઝટ છેલા;
વાર કરો નહીં આવડી, નાગર ઉર અકળાય;
આળસ ઝટ અળગી કરી, થશે થેકડી આંહ્ય.
નહોતા મેં જાણ્યા પ્રભુ આવાં, મન મેલા,
દોડયાં આવતા સંભાર્યો પેહેલા—જલદી૦
કુંવર તમારિ કુંવરી, પુરો મામેરૂ આપ;
કહેવ.નો હું જગમાં, પણ શું સાચો બાપ;
પરવાર્ો વચને પળો આવ આપેલા લઈને
ન૦—(પથી પરદેશી ચીત સોંપી) એ રાહ.
હઇ સોંપી બાંધુ કામ હવે હું જાઉં........છું
ભ૦—જરા રોકાઓ.
ન૦—તમે કરી અતીશય વાર ખોટી હું થાઉં....છું.
ભગવાન— સાખી.
મામેરૂ સમજવા રહયો લાગી અતીશય વાર.
પાછળ આવે છાબ લઇ ખરચો વિત અપાર;
ન૦—જાણો તમે તમારૂ કામ ગુણ તુમ ગાઉં....છું—હ.
ભગવાન— ગાયન.
મારો કહયો મુકુ નહી,, ચુકુ નહી લગાર.

કરોડોનું વિત ખર્ચવા, બેઠો છું તૈયાર.
સુણીપોકાર તારો ખોટી નહી જરી થાઉછું દઇ.

ભગવાન— સાખી.

(જીવન જગમાં જોડવું કેમ શી) શી એ રાહ.
ખુશી થાઊ જોઇ તુજ પ્રેમ, ધન્ય છે ધન્ય તારોનેમ;
ન૦—પ્રભુ તુજ નામ ચુકુ હું કેમ—

ભગવાન— સાખી.

કામ કરોધ, મદ, મોહ, શઊ, જીતી કાઢયું નામ,
દાસ બની હું તાહયરો, કાઢું તારૂં કામ.
ન૦—રટું તુજ નામ હું ચુકુ કેમ,
ભ૦—સાચો અતી મુજ પ્રેમ અનેક—ખુશી

નરસીંહ— સાખી.

ઉરમાં નવ લેશો કશું, ગણી ગાંડો મુજનાથ,
ભ૦—અરરર એશું બોલીઓ, મુકુ નહી કદી હાથ,
જોઇ તુજને, થઊ દીલ હેમ.
ન૦—પ્રભુ ઇચ્છું હું એવી રહેમ—ખુશી.

ગાયન.

(મને સહાય કરશે) એ રાહ.
વ્હાર કરો વીઠલ આ વારીરે,
નહીતર જાશે લજ્જા તમારી,
દેહેરામણિ પુરિ, એક બાળા અધુરિ.
તેને મુકી તમે કેમ વીસારિ— વ્હાર.
શામળશા બની તમે હુંડી શીકારિ,
શ્રાધ્ધે નાગરની ન્યાત જમાડી.
એવી રિતે વ્હાર કરો આપો કઇ વિચારિ વ્હા

નરસીંહરામ— મરાઠી સાખી.
કૃષ્ણ દામોદર આવો દોડી, વેગે હાર પેહેરાવો,
નટખટ સર્વે મળીને સાથે, કરે મુજ પ્રાણનો દાવો
જો વાર થશે, નામ તારાની પત જશે.

મરાઠી સાખી.
સોડ તાણી કેમ સુનો શામળીઆ, રિસ રંકપર લાવી
જાગીને ઝટ વેહેલા આવો, હાર દીયો પહેરાવી;
જો રાત જશે તો નક્કી મુજ ઘાત થશે,
જેમ જાગ્યો દ્રૌપદીને કાજે, ગજની વારે ધાયો;
મંજારિ બચ્ચાંને બચાવ્યાં, પ્રહ્‌લાદ સ્થંભે આવ્યો;
કેમ વાર કરે, હાર આપતાં શું પાડ ચઢે.

ગાયન.
(મુંઝાણી મચ્છ દરિએ ઘેરાણી.) એ રાહ.
શાન ભક્તવત્સલ ભુદરજી ભક્તને દીયો તજીયે;
માગું હાર પોકારિ હરજી, નથી ફુરસદ હજીરે.
મહી માખણ ચોરિ કરિ ગોપીજન અવાસ;
કહેવાણો બે બાપનો, કેમ આવે વિશ્વાસ.
ભક્તવત્સલના મુકી પરિ, વાજ નહિ લેશ ધરિ.
વચનને આપીને આપીને શીદને ફર્યા જી—ભક્તને
નક્ટા લાજ તારૂં જશે, દુરિજનને દેશે આળ;
જાશે પત હાંસી થશે, થાતાં મારો કાળ; ભક્તને

નરસીંરામ— કેદારો.
આવ્યો આવ્યો મારો નગીનો નટવર; ઉજેશ બેશ
અહિં દેખું અપાર
લાવ્યો લાવ્યો તે રહેમ હું ઉપર, આવ્યો દોડીને દેવા
મુજને હાર; આવ્યો

દ્રૌપદી નાહગગેન્દ્રભમાંહી. નારસ્વામીમનહુરખ્યુ અપાર
સોડ તજી રાણીરાણિરાધાની આવ્યો,પત નીજ રાખી
ક્રીધી મુજ ઉદ્ધાર; આવ્યો
જય ભુદરજી સુણી મુજ અરજી, નામ તારાનો તે
રાખ્યો ભાર
કહે નરસઇયો વાલો એ મારો; આવ્યો સુણી મુજ
પોકાર; આવ્યો

કર્તા— ઇશ્વર સ્તુતિ.

(દુખની વીજળી કુમળી) એ રાહ

સત્ય શરણુ એક તારૂં પ્રભુ પ્યારા
રહો પાપ કર્મ થકી ન્યારા, સત્ય સહાયક શાક; સત્ય
ચરિત્ર લખવા ભક્તનું મતિ દીધી,
થયું પુર્ણુ પ્રભુ સાય કીધી, કર્યો સફળ અવતાર; સત્ય
નામ દેતાં તારૂં કદી દુખ દુઃખ ના નાસે,
ભવ ભવના પ્રાશ્ચિત જાયે, થાય ભવ ઉદ્ધાર; સત્ય
નરસઇના સ્વામી વીનવું તને પ્રાંતે,
આપો ભક્તિ રંગ એક ચીતે, તજવા ભવભયભાર સત્ય
શુભ મતી મારી કરો પ્રભુ પ્યારા,
કુવીચાર રહે સહુ ન્યારા, જેહ તુમ ગુણ ગાય; સત્ય

ભજન.

પ્રભુ ઇશ્વરશામજી પ્યારો છે (૨)
ભક્તવત્સલ છે મુક્તિદાતા, જગતમંગળ છે વખાણાતા;
જેનું સ્મરતાં ઉપજે શાતા પાપ કરમથી ન્યારો છે પ્રભુ
ભવદુખ હારી એ મોરારી જેણે નારી અહલ્યા તારી;
સતી દ્રૌપદી લાજ ઉગારી, એવો યત્ન કર્યો છે—પ્રભુ
ભક્તના ભક્તો ઉર ધરે છે, ભકતના કામો હાથે કરેછે,

ાયદુઃખુને આપે હરે છે, ભકતી વશએ થનારો છે
ઉપર પ્રમાણે ભજન કરી શ્રી ગિરિધરલાલજીની
ી શરૂ કરી.

ભજન.

(રૂપ રૂપ શું કરે મુરખ જન)

કૃષ્ણ સૌ સમરો. મુરખજન કૃષ્ણ હૃદયમાં ધરો;
ઉપાધી અળગી કરીને ભવજળદધીથી તરો;
છે માયા અવિનાશી, હરીજનરહેછે બહુત્રાસી
નામ છે બે અક્ષરનું, ભવજળ પાર કરે છે;
ાજતાં, માયા રટતાં, લક્ષ ચોર્યાશી ફરે છે—અ૦ ક૦
ાજન વિણ જાણો જગમાં, કાંઇ નથી કરવાનું;
ન થાતાં તેનાથી, નવ મળે કાંઇ કરવાનું,
તે કાયા છે કાચો, રહો તમે ભજનમાં રાચી;
વશ ભુધર છે સાચો, ભકતની વારે ધાવે;
ભકતને ભીડ પડે ત્યારે, જાતે આવી કરે સારે,
ની ભકતી કરતો ફરે, ભકતને માટે પ્રાણ પાથરે,
ાની ભકતી સાચી ભકતની કીધી સેવા
: સ્થંભે આવી વસીયા, પોતે દવાધી દેવા.
ચીર પુર્યા ભુદરે, ભકતને માટે પ્રાણ પાથરે.

ભજન.

ાખે તેમ રહીએ, હો સતો પ્રભુ રાખેતેમ રહીયે
ગુચીઠીનાચાકરછીએ,હો સંતોપ્રભુ રાખે તેમરહીયે
ાજ સૌ અળગુ કરીને, નામ મોરારીનું લઇએ
ભકતોનાકામ કર્યાજેણે, તેનુ ભજનનિત્યગાઇયે
સહસ્ત્ર ગોપીને વરીયા, ગાયો ચારી એ કનઇયે,
મીરા કહે પતિ એસાચો, સત્યશરણુનીસહીયેછો

ભજન.

નામ તારૂ સુખદાઇ, ગિરિવર નામ તારૂ સુખદાઇ;
ધીરજતાધરૂની ઊરલાની, અવિચળપદદાધ્રુત્યાંહી-ગિ.
ઝુડે પકડયો ગજને જ્યારે પળમાં લીધો છોડાવી;
પ્રલ્હાદજીની પીડા પીછાણી, પ્રગટયા સ્થંભે જાઇ-ગિ.
હિરણાકસીપુ માર્યો હરીયે, નરસીંહ રૂપ બનાવી.
લાખાગ્રહથાં પાંડવ બચાવ્યા, ઘોડી આવ્યા પ્રભુધાઇ
પંચાળીના ચીર પુર્યાં તમે, તે દુષ્ટ કઉરવથી બચાવી
જ્યાં જ્યાંભકતનેભીડપડેપ્રભુત્યાંત્યાંલ્યો હસ્તસાહી-ગિ
અગણિત ગુણ જાચન ગણીયા, શેવા અતિ સુખદાઇ.
જેઠા કહે પ્રભુ ગુણ ગણતાં, જન્મ મરણ કદીનાહી-ગિ

ભજન.

પ્રેમને વશ છે મોરારી,જો સાંભળપ્રેમને વશછે મોરારી
તેમાં ન ફરે લગારી, જો સાંભળ પ્રેમનેવશ છે મોરારી
કરમાબાઇનોખીચડો આરોગ્યો, વિદુરની ખાધીભાજી
એઠાંબોરશવરીનાખાધાં,મુકયાં છપનભોગવિસારી-જો.
વિદુરજી ગેર પ્રભુ પધાર્યા.
ત્યાં ન્હાતાં હતાં ભકત નારી,
પ્રેમને વસ દોડયાં નગ્ન સ્વરૂપે,
વસ્ત્રને દીધાં વિસારી—જો સાં૦
ખાવા માગ્યું ત્યાં કેળા લાવ્યાને,
કહ્યું બેસો દઊ સુધારો.
પ્રેમમાં ભુલીને છોતરા આપ્યાં,
ગર્ભને મુકયો વિસારી—જો સાં૦
પ્રેમલક્ષણા ભકતો છે ન્યારો. નીંદે સર્વસંસારી
જેઠા કહે તેને નીંદે જે પામર,

પામે પસ્તાવો ભારી—જો સાં.

ભજન.

જીવડા શીદને ચિંતા કરે હરીને કરવું હોય તે કરે
શીદને અંતર ઉદવેગ ધરે, કહે તેથી શું કારજસરે;
પ્રભુએધાર્યો જેમનમનસુબો,હરબ્રહ્માથી ન ફરે—હરી.
દોરી સર્વની ધણીના હાથે, ભરાવ્યું ડગલુ ભરે,
જેવો જંત્રવગાડે જત્રી, તેવો સુર નીસરે—હરીને.
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને ફર ઠરે;
એમાં ફેર પડે નહી. શીદ કુટાઇ જીવ મરે—હરી.
તારૂ ધારયું થાય એટલું. હરી ઇચ્છા અનુસારે;
સદાકાળ એ રીત નભે નહી, હુંપદ મન શીદ ધરે—હ૦
થાવાનું અણુચિતવ્યું થાશે, ઉપનીસદ ઓચરે;
રાખ ભરૂસો રાધાવરનો, નહી પસ્તાવું પડે—હરી.

ભજન.

સુખ છે તમારા શરણમાં, હે શામળીયાજી,
એ મારા વ્હાલાએ કહ્યું, કરણમાંહોશામળીયાજી-સુ
પ્રેમે કરીને વ્હાલો મંદીર પધાર્યા પોતે(૨)
જોયુ નહી જાત કુળ, વરણમાં હો શામળીયાજી—સુ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરીધરના ગુણ વ્હાલા (૨)
ગણ્યા ન જાય લોક તરણમાં હો શામળીયાજી—સુખ.

ભજન.

(વ્હારે ધા વીઠલ વ્હેલો.)

વ્હારે આવજો ગિરીધારી, ખતપત રાખજે તારીરે,
બેઠી સત્યબાનુધારી—
બહાનાની પત રાખવી તારે રાખ તુ ગિરિધરનાથ,
પતજશે તો હાંશી થશે તુજ, આખરૂ તહારે હાથ.

વધુ શું કહું વિસ્તારી—ખરીપત.
વૈભવ આવાં જોઇ શંકાણો, પોતે મનથી રાય;
પ્રગટ પરચો બતાવ્ય આપે, શંકા દુર પળાય,
વિકારને નાંખ્ય નિવારી—ખરીપત.
પ્રલ્હાદ સ્થંભે જઈને વશીયા, શીતળ કીધો ત્યાંય;
તજી ગર્વ શેવે લાચારી—ખરીપત.
દેશ વિદેશ જોયાં ઘણાં, જોયા ભકત અનેક;
માયાવી સહુ પ્રાણીઆ, સાચી ભકત તું એક.

ભજન.

જે કો પ્રેમી અંસ અવતરે, પ્રેમ રસ તેના ઊંરમાં ઠરે,
સીંહણ કેરૂ દુધ તે, સીંહણ સુતને જરે (૨)
કનકપાત્ર પાખે સઊ ધાતુ, ફાડીને નિસરે પ્રેમ રસ.
સકર ખારનુ સાકર જીવન, ખરના પ્રાણજ હરે(૨)
ક્ષીર સીંધુનું માછલડુ જેમ મીઠા જળમાં મરે—પ્રેમ.
સોમલ વેલી સગપાન શુદ્ધ જે બ્રાહ્મણહોય તેકરે (૨)
વેગલ વંશીને વમન કરાવે, વેદ વાંણી ઉચરે—પ્રેમ૦
ઉતમવસ્તુ અધિકારવિના મળે. તદાપિઅર્થનાસરે (૨)
મછભોગી બગલો મુકતાફળ દેખીચુંચના ભરે—પ્રેમ.
પ્રેમ વિના કોટી સાધને, પુરૂશોતમ પુડે ન ફરે (૨)
એવા પ્રભુજી શ્રીગિરિધરવર, પ્રેમભકિતએ વરે—પ્રે૦

ભજન.

(કામ છે દુષ્ટ વિકારી) એ રાહ
સમર ગોવરધનધારી, મુરખ મનસમર ગોવરધનધારી
ધન દોલતને માલ ખજાના, તે મુક વિસારી.
એક દિન જાવું છે નકી, કાળ, ભમે શિરદાડી—મુર૦
કૌરવ પાંડવ રામ ગજાનન, વળી કંસ મોરારી;

રાવણ પણ રોળાણો પલકમાં કીધી કાષ્ટ પથારી—મુ૦
સત્યવાદી હરીચંદ્રને તારા, વળી હાકમ અધિકારી;
વીરગયાને ધિરગયા વળી, અમીરગયા જોવિચારી-મુ૦
મોટા મોટા બાહુબળીપડયા, રણમાં જશ વિસ્તારી;
ચક્રવ્રતીગયા વૈભવ મુકી,વિચારજીવ ગતી તારી. મુ૦
માતપિતા સુત બાંધવ નારી, તે સૌ સ્વર્થ સંસારી;
પ્રાણ જતાં જીવ જાવુંએકલુ,તજશઠતા મુર્ખતારી—મુ.
ધાઇધુતી ધન ભેળું કીધું, વળી કીધિ રખવાળી;
એકકોડી જીવ સાથે ન આવે, અન્ય બને ભાગદારી—મુ૦
પાપ પુન્ય જીવ સાથે આવે, વળી સત્ય ધર્મ સુખકારી
જેઠા કહે પ્રભુ ગિરિધર ધ્યાને, દુર્ગતી દુર થનારી. મુ.

ભજન.

(તાતતો ભરૂસો નથી)

સાચો છે બેલી તુહીરે, એ ગિરિધર પ્યારા.
સાચો છે બેલી તુહીરે
તુજ વિણ કો અન્ય નહીરે—ઓ ગિરિધર
ભકિતનો દાતા તુ છે સાચો સહીરે—ઓ ગિરિ૦

સાખી.

પાપ પાસ આવી પડયો, સમર્યો નહી લગાર;
પાપ દોષના ક્ષમા કરો, ક્ષમાવંત કિરતાર—સા.
અગણિત પાપે હું ભર્યો, જીવે કીધા અપાર;
તે નહિ ઉરમાં લાવશો, પ્રેમે કરો ભવપાર—સા.
સતીને સંતાપી અતી સુણ્યો ન બોધ લગાર;
હવે અતિ મુંઝાઉછું, પસ્તાઉં પારાવાર—સાચો.

ભજન.

મીરાં—વ્રજ વ્હાલુંરે વૈકુંઠ નહી આવું;

મને નથી ગમતુ ચતૃભુજ થાવું—વૃજ.
એક લલીતા સરભંગી મારે ગીરધારિ;
સંગે શોભે શ્રી રાધે પ્યારી;
એમને જોતામાં આંખ ઠરે મારી....વૃજ.
ત્યાતો શ્રી વંદ્રાવન રાસ નહી;
સંગે વ્રિજ વિનતા વિલાસ નહી;
ત્યાંતો શ્રી જુમના ગીરિરાજ નહિ—વૃજ.
એક વરખ વરખ વેણુ ધારી;
ત્યાંતો પત્રે પત્રે હરી ભુજચારી;
એતા રજ રેની છે મુકિતવારી—વૃજ.
વૃંજ વસવાને શીવ સખી રૂપ થયા;
હજુ એ વ્રજના પ્રભુ તપાસ્યા રહ્યા;
એક ઓધ્રવ સરીખા એમને સરખા થયા—
સૌ જન વૈકુંઠ સુખ શોધી વળ્યા;
ત્યાં ન ગમ્યું તે વલ્લભકુળ જઇને ભળ્યા;
એતા સેવા સ્મરણમાં અતીસે પળ્યા---વૃજ.
પ્રભુ શુ કરૂં હું સંહચર પામીઃ
એક ઠામ તમે ન રહયા સ્વામી;
એવી દાસપણામાં શું ખામી—વૃજ.
તુમ પ્રતાપે શ્રી ગોકુળ જઇએ;
પ્રભુ વલ્લભ ચરણે જઇ રહીએ;
હરિ પ્રીતમ રશિક રસ જશ ગાઇએ--વૃજ.

ભજન.

મી—વૈકુંઠમાં નવ ગમે, વૃજ વિણ વૈકુંઠમાં નવગમે.
ચિત ભમે આ અચળ મારૂ, વ્રજ વેણુમાં રમે;

આરે વ્રજમાં પ્રભુ દાણુ લીલા કીધી;
તે નવ વિસરાવો તમે— વ્ર.
મનુષ્ય જન્મની ભક્તિ છે ન્યારી;
સહેજમાં વશ થાઓ તમે—વ્ર૦
તન કરી તુંબા ને મન કરી પાણી;
ભવ જળ સેહેજે તરે—વ્ર૦
ઢાળ ધીરજ ધરી ભક્તિને સહસ્લે;
ભવ અટવી ભલે ભમે—વ્ર૦
મોહ મમત્વને અહંકાર શતરૂ;
જીવને કદી ન દમે—વ્ર૦
ચરણ પદ પ્રભુ સ્હેજમાં પામે;
ભક્તિથી દુખ સહુ સમે—વ્ર૦

ભજન.

ભુલ્યો ભટકે શીદ ભોગી ભ્રમર,
તારે માથે મરણનો છે ભાર—જગત તો જુઠુ છે.
ખલક પ્રલકમાં ફના થશેરે,
તજી વલખ અલખ સંભાળ—જગત.
કેનાં છોરૂને કેનાં વાછરૂ, વળી કેના છે માનેબાપ. જ
પાપ અમાપ કરી પેટ ભરે છે.
કેમ સહીશ તું શ્રાપના સંતાપ—જગ.

સાખી.

મારૂ મારૂ શું કરે, તારૂ નહી તલભાર;
વ્હારે નાવે લક્ષમી, અલખ એક સંભાળ. જ૦

સાખી.

પંચ ભુતનું પુતળું, મળથી ભરયું અપાર.
પંચરંગી ઉપર કરયું કારિગર કિરતાર—જ૦

સાખી.

બાજીગર બાજી કરે, નજરબંધના ખેલ;
ધંધો કરતા ઢળી જશે, જેમ ઘાણીનો બેલ-જ

ભજન પુરૂ થયું ત્યાં મીરાંબાઇએ કહ્યું સંતો ચાલો રૂપ ગોસાઇનાં દર્શન કરી દ્વારિકાં જવું છે. સંતો સર્વ તૈયાર થયા અને રૂપગોસાઇના મંદિર તરફ ગયા.

ભજન.

વિસરસો નહિ હરિ, મનથી વિશારશો નહી હરી,
ગોકુળ અને શુભ મથુરા નગરી,
વચમાં જુમનાજી ભરી-મનથી.
જળ જુમનાં જળ ભરવા ગયાંતા,
શીરપર ગાગર ધરી-મનથી
મોર મુગટને કાંને કુંડલ, મુખપર મોરલી ધરી-મ૰
વંદ્રાવનને મારગ જાતાં, અમુલખ વસ્તુ જડી.
વંદ્રાવનમાં ગોધન ચારતા લીલાવટ તીલક ધરી-મ૰
રાણી રાધિકાજીના મહેલ તજીને,
કુબજા શું પ્રિતિ કરી--મનથી.
મીરાંબાઇ કહે ગાઉ ગિરિધરના ગુણ;
ચરણ કમળ ચીત ધરી-મન૰

ભજન.

ભજન મન કૃષ્ણ મોરાર મુરખડા.
મનવા મમતા શીદ ધારેજી,
માત તાત સુત બાંધવ વનિતા
તે સઊ માયા મારેજી.
હરી હીરો છોડીને મુરખ કાચ શું ગ્રહવા ધાવેજી
પ્રભુ ચરણ પદ છોડી પ્રાણી, નરભવ શીદ ગુમાવેજી

માયામાં આશક્ત રહીને, ચાલે ચાલતુ ગજનીજી
પડીશ સપાટે કાળ ઝપાટે,
ગિરિધરવર પ્રભુ ભજનેજી.

ભજન.

હો પતીત પાવનકાર, શરણ તુજ ચહ્યું :ચીતધારી-હો
છો અનંત તુમ ઉપકાર, તેમ આપો શરણ ભારી-હો
કીધા અનેક ભક્તોના કાજ, રાખો તમે લાજ;
ગરીબ નિવાજ, ભક્ત વત્સલ છો મોરારી—હો.
પ્રભુ ભજન કરૂં ધરિ પ્યાર, કરો દીન વ્હાર;
અરજ ઉરધાર, સ્વીકારોજી અરજી છે મારી—હો.
વસ્યા પ્રલ્હાદ સ્થંભ નાથ, પાંડુનો સાથ;
ગ્રહયો છે જગન્નાથ દાસો છે બાળના ઉગારિ—હો૦

ઉપર પ્રમાણે ભજન કરતુ સંત મંડળ રૂપ ગોઃ
સાઇ સહ દ્વારિકાં શ્રી ગિરિધરલાલજીના દર્શનાર્થેગયુ.

ભજન.

રાગ ઉપર પ્રમાણે.

રામ રામ નવ ગાયા જે મુખ રામ રામ નવ ગાયા.
વાટ ઉઠી તેની વરણાગીમાં જનુનીયે તે સીદ જાયાજે
શું થયું જપતપવ્રતદાન દીધેઓળખ્યા નહી રઘુરાય.
સાચું રામનું નામ મુકીને માની સંસારની માયા જે.
અથડાયા જે મુખ રામ રામ નવ ગાયા.

ભજન.

રાગ ઉપર પ્રમાણે.

પુત્ર મરે તો શોક ન કરવો તે વીશે.

અલ્યા મુરખ પાપી જન કેમ માયામાં મોહયોરે,
આ મીથ્યા દેખી સંસાર નેણાં ભરી રોયોરે. ૧

તારા જીવતરને ધીકાર રે જુડાને આઝો રે;
મુવા તેનું ના દેખે ફરી મુખ તોયે ના લાજ્યોરે. ૨
નથી એકને માથે દુઃખ રે શું પડે કહેવું રે,
આ વીશ્વમાં જાણજે એમ આવે તે સેહેવું રે. ૩
નથી પુત્ર પરીવારમાં સુખરે જુઠી છે બાજીરે,
માટે એહમાં ના રાખેસ મંન રાસ કર રાજીરે. ૪
જોને સગર જેહેવો ભુપતી વીચાર જેનો ઉંડોરે,
મુવા કુંવર સાઠ હજાર તે દુખમાં બુડયોરે, ૫
વળી દશરથ જેવા રાયજીને ભ્રંમ શ્રાપ નડીયોરે,
મરણ વેળાએ કોઇ નહી પાસ વીયોગ પડીયોરે. ૬
વળી ચીત્રકેતુ નામે રાય તેની વીખ્યાત મોહોટીરે,
ઘેર ગુણવંતી છે ઘણી નાર સખ્યા એક કોટીરે. ૭
આવ્યો હરખ શોકનો પુત્રરે પ્રસન બહુ થયોરે,
થોડા દીનમાં દેખાડી મુખ દેહ છુટી ગયોરે. ૮
જોને નંદજસોદા રાણીનો વાહાલા પરીભ્રંમરે
ગયા મુકી મથુરાં માંહ્ય થયું હંસે કયમરે. ૯
વળી દેવકીના ખટબાળને કંસે પછાડયારે,
કેવા સાહતા હસે વસુદેવને અવળાને આડારે. ૧૦
અભીમન જેવો રાજકુમારરે વ્યકુગઢ ઝીત્યોરે,
મુવો તે સમે માતપીતાને સો ઓરીયો વીત્યોરે. ૧૧
ભાઈ શ્રવણ સરખાં નરનાર તે આંખે ના દેખેરે.
તેના કુવરને દશરથે માર્યો તારૂં દુખ શા લેખેરે. ૧૨
એહેવા ઘણાને પડયા છે વીજોગરે એ કરમની ગતીરે,
વ્યાસ ભોળા વીચારી મન ભજ સીતાપતીરે. ૧૩

ભજન.

(ઓધવ નંદનો છોરો તેનમેરો થયો જો એ—રાગ.)

કેમ નથી જાતો હરીના ભજમાં જો,

તેં તો શું ધારયું છે મુરખ તારા મનમાં જો. કેમ ૧
બહુ બોલે છે અલ્યા વાંણી મન ભાવતી જો,
વાત પ્રભુની તો રદે નથી આવતી જો. કેમ ૨
પૈસો થયો એટલે લાજમાં લેવાઇ ગયો જો,
મુવો મોટમમાં એકેમાં તું ના રહયો જો. કેમ ૩
લાજ મેળવી દેવું લેવું કરી ઘણું જો.
રણના છુટયુ તારૂં લક્ષચોરાસીતણું જો. કેમ ૪
તેનું વ્યાજ આસમાનું મળતું નથી જો,
વહેવાર વાતમાં તો રાત દીન મુવો મથી જો કેમ ૫
માટે પતવો વ્યાજ સુદ્ધાં દેવું આપનું જો,
વ્યાસ ભોળા ખત લખ્યું છે ખરી છાપનુંજો. કેમ ૬

ભજન.

(શું રે સુતો તું પ્રાણીયા તુને ભે કેમ નાવે એ—રાગ)
હરીને તું ભજી લે જીવડા તારી શી ગત થાશે,
માર માથે સંસારનો દહાડા કેઇ પેરે જાશે. ૧
જમદુતો આવી જ્યારે ઘેરશે ત્યારે પસ્તાસો પ્રાણી,
પરીવાર સરવે પગે રહેશે એહેવી વેળા જાણી. ૨
દ્રવ્ય તો સાથ આવે નહી કામમારતાં જાસો,
બાહુ લોકને બીરાવના માર શી પેરે ખાશો. ૩
જીભાને તો રૂડું ખવરાવીયું એમ ધરમજ કેસે
તે જીભ્યાએ હરી ના ભજ્યા તુને ડામજ દેસે. ૪
તેત્રીશકોટી જેના હુકમમાં એહેવા પરીબ્રમ પોતે,
જ્ઞાની ધ્યાંની મોહોટા જે તીને નાવે સ્વપ્નામાં જોતે ૫
એહેવા પ્રભુ એક ભજનથી આવી ખોળામાં બેસે,
ભજન મુકીને ભોળા તું રખે બીજામાં પેસે ૬

ભજન.

મુરખ માનવી શુ મોહ્યો છે માયાના વિશે ગમાર.
અંતે તારૂં કોઇ નથી તું તારા મન વિશે વિચાર
જગમાં કુટુંબી સહુ મતલબીયાં તે પૈસાપર કરશેપ્યાર
ખાલી હાથે જવું તાહરે માટે ધર્મ કરી લે યાર.
માતતાત સુત બાંધવ બેની જીવતાં તન સુધીછે સગાઇ
નારી તારી આગળી રહેશે નકી માની લેને ભાઇ,
હાટ હવેલી ગાડી વાડી તે સર્વ પડી અહીં રેહેશે,
મુવા પછી સૌ સગા કુટુંબી કાઢો કાઢો એમ કેહેશે.
તે વેળાએ માલ ખજાનો નહિ આવે, તારી સાથે.
દાટયું સાટયું સર્વે છુટેશે જવું પડશે ખાલી હાથે.
ફુંકી બાળશે લઇ સ્મશાને ધારેલુ થશે ધુળધાણિ,
માટે હરી સ્મરણ કરી લેને સંસાર સુખ જુઠું જાણિ.
જાવું પડશે જરૂર ભાઇઓ કોઇ આજે કોઇને કાલે,
નકી કીધુ છે નયણે નીરખી સંતદાસ નાથાલાલે.

ભજન.

(બાનાની પત રાખ) એ—રાહ.

કીધા ભકતોનાંકાજ ભકતી જાણીકીધાંભકતોનાં કાજ
પરહ્લાદ તારો હીરણ્યકંશ માર્યો, એવા દયાળુ રઘુરાજ
સીરાં તે ભાજીપાન લીધાં, જુડથીમુકાવ્યો ગજરાજ
નરસિંહમેતાનીહુંડી સીકારી, કીધાંનાગરના રાજ
મામેરૂં પુર્યું ને હારજ આપ્યો, હોડી ચુ દરી ભકતકાજ
ચારરૂપ લીધાં સુરકાજકીધાં, આપ્યાંવિભીષણનેરાજ
સબરીતે બાઇનાં બોરાં ખાઇને આપ્યા વૈકુંઠ મહારાજ
કહે છે નાથાલાલ પ્રીતેથી, પ્રભુ ભજે સુખકાજ

ભજન.

(કંકુ છાટી કંકુતરી મોકલો) એ—રાહ.

પ્રાણી રામ ભજન કર રંગમાં,
તારો વખત એળે વહિ જાય
ભકત કર ભાવથી.
હતો ગર્ભમાં તું તો પ્રાણીયા,
દુઃખ રહેતો હતો અપાર—ભકિત
તેવા દુઃખના દિવસ શું ભુલી ગયો,
લપટાણો માયામાં ગમાર—ભકિત
તુ તો આવ્યો મરણ ફેરો ટાળવા,
બેઠો જન્મ વગોવા અભાગી—ભકિત
અંતકાળની વેળા છે દોહલી,
માટે માયા મુકી જોને જાગી—ભકિત
તારો છેવટનો સગો રામ છે,
તેતો મુકાવશે જમ માર—ભકિત
સર્વ સંત જનોના દાસ છું,
કરજોડી નમે કિરતાર—ભકિત

ભજન.

(મનમાને નહી) એ—રાહ.

અરે એ જીવડલા મનુષ્ય દેહ ધરીને સાધન શું કર્યું
તુ જડ જેવો પાશાણ રહયો,
સદબોધ તે કાંને કો ન લહયો,
તેથી ભવમાં ભમી ઘણો માર સહયો. એ૦ જી૦
તને ગુરૂએ ઘણેરો બોધ કીધો,
અંતે જાવાનો મારગ સીધો;
તેને ત્યાગ કરી વ્યભિચાર લીધો. એ૦ જી૦

સદગુરૂજીએ કાનજ તુંજ ફુંકયો,
તોએ અવળો રસ્તો તુ નવ ચુકયો;
ભવ ડુંગરીએ ચઢી ખુબ ઝુકયો. ઓ૦ જી૦
ગયો મંદીરે તું તો ભાવ કરી,
તોએ મતી તારી તો તેજ રહી;
સદબુદ્ધિ મુકી કુંબુદ્ધિ શાહી ઓ૦ જી૦
તેં દર્શાણુ તિરથનાં બાહુ કરીયાં,
એકાંદશીવ્રત મુખે ધરીયાં;
તોએ કરી પાપ કુડાં ભરીયાં. ઓ૦ જી૦
કરી પરમાર્થે રાજી થાનો,
રૂડી સંત રૂપી કરનો વાનો
તોએ ક્રોધ કરી થાનો રાનો. ઓ૦ જી૦
તેં પુન્ય રૂપી પાત્રજ ભરીયાં,
સાધુ સતના તેં કારજ કરીયાં;
તોએ બડે કો મગજન્ને ફેરવીયાં૦ ઓ૦ જી૦
કહે નાથો ચેતી લે પ્રાણી,
શું સુતો સોડ ધાણું તાણી;
તારે માથે મરણનો ભય જાણી. ઓ૦ જી૦